# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1. મલેશિયાના પ્રવાસે જતા પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું બંને દેશ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા તેઓ આતુર છે.
2. ભારત અને અમેરિકાએ વચગાળાના વેપાર કરાર માટે માળખાની જાહેરાત કરતું સંયુક્ત નિવેદન જાહેર કર્યું.
3. ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં વાસ્તવિક **GDP** વૃદ્ધિદર 7.4 ટકા રહેવાનો અંદાજ મૂક્યો.
4. ભારતીય તટરક્ષકે અરબી સમુદ્રમાં આંતરરાષ્ટ્રીય તેલ દાણચોરીના એક જૂથનો પર્દાફાશ કર્યો.
5. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે, ઈરાન પાસેથી સામાન કે સેવાઓ ખરીદતા દેશ પર નવા કરવેરા લાદવાનો આદેશ જારી કર્યો.
6. **ICC T**-20 વિશ્વકપમાં આજે ભારત-અમેરિકા વચ્ચે મુંબઈમાં મેચ રમાશે.

,.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM DEPARTURE STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું કે, તેઓ મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે ચર્ચા કરવા અને બંને દેશ વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા આતુર છે.

મલેશિયાની બે દિવસીય મુલાકાતે જતાં પહેલા, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, તેઓ સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને વધુ ગાઢ બનાવવા, આર્થિક અને નવીનતા ભાગીદારી વધારવા અને નવા ક્ષેત્રમાં સહયોગને વિસ્તૃત કરવાનો લક્ષ્ય રાખશે. તેમણે ભાર મૂક્યો કે ભારત અને મલેશિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધોમાં તાજેતરના વર્ષોમાં સતત પ્રગતિ જોવા મળી છે.

તેમણે મલેશિયામાં ભારતીય સમુદાયને મળવાની ઉત્સુકતા વ્યક્ત કરી જે વિશ્વના સૌથી મોટા ભારતીય સમુદાયોમાંના એકનું પ્રતિનિધિત્વ કરે છે, જેની સંખ્યા લગભગ ત્રીસ લાખ છે.

તેમણે ઉમેર્યું કે, મલેશિયાની પ્રગતિમાં તેમનું પુષ્કળ યોગદાન અને બંને દેશો વચ્ચે જીવંત સેતુ તરીકેની તેમની ભૂમિકા બંને દેશ વચ્ચેની ઐતિહાસિક મિત્રતાને મજબૂત પાયો પૂરો પાડે છે. આઅંગે વધુ માહિતી આપી રહ્યા છે , અમારા પ્રતિનિધિ

(બાઇટ દુર્ગેશ)

. . . . . . . . . . . . . . . . . .

# PREZ-BASTAR PANDUM–2026

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે છત્તીસગઢના જગદલપુરમાં ભવ્ય આદિવાસી સાંસ્કૃતિક મહોત્સવ, બસ્તર પાંડુમ-2026નું ઉદ્ઘાટન કર્યું. આદિવાસી વારસાના સાંસ્કૃતિક સંગમ તરીકે પ્રખ્યાત આ મહોત્સવ સોમવાર સુધી ચાલશે. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે કહ્યું આ ક્ષેત્રમાં માઓવાદી પ્રવૃત્તિઓમાં મોટો ઘટાડો થયો છે.

(BYTE – PRESIDENT ON MAOVAADI)

આ ત્રણ દિવસીય આદિવાસી સમુદાય ઉત્સવ સ્વદેશી સમુદાયોની જીવનશૈલી, રિવાજ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, લોક કળા, સ્થાનિક પરંપરાઓનું પ્રદર્શન કરે છે.

. . . . . . . . . . . . . . . . . .

## INDIA & US JOINT STATEMENT

ભારત અને અમેરિકાએ એક વચગાળાના વેપાર કરાર માળખાને પૂર્ણ કરવાની જાહેરાત કરતાં બંને દેશને લાભ થશે.

ભારત- અમેરિકાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે આ માળખું બંને દેશની વ્યાપક વેપાર કરાર વાટાઘાટો પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જે ગયા વર્ષે 13 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

સાંભળીએ એક અહેવાલ

# (બાઇટ - મુકેશ)

. . . . . . . . . . . . . . . . . .

## PM US INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરાર માળખાને સારા સમાચાર ગણાવ્યા. તેમણે બંને દેશ વચ્ચેના સંબંધને મજબૂત બનાવવા વ્યક્તિગત પ્રતિબદ્ધતા બદલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો પણ આભાર માન્યો.

સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ માળખું બંને દેશ વચ્ચે વધતી ભાગીદારી, વિશ્વાસ અને ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી મોદીએ કહ્યું કે, આ કરાર દેશના મહેનતુ ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, નાના અને મધ્યમ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને માછીમારો માટે નવી તક આપશે અને મેક ઇન ઇન્ડિયા પહેલને મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે આનાથી મહિલાઓ અને યુવાનો માટે મોટા પાયે રોજગારીનું સર્જન થશે.

શ્રી મોદીએ કહ્યું કે, ભારત અને અમેરિકા નવીનતાને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે અને આ માળખું રોકાણ અને ટેકનોલોજી ભાગીદારીને વધુ ગાઢ બનાવશે. તેમણે કહ્યું કે, આ માળખું સ્થિતિસ્થાપક અને વિશ્વસનીય સપ્લાય ચેઇનને પણ મજબૂત બનાવશે અને વૈશ્વિક વિકાસમાં ફાળો આપશે.

. . . . . . . . . . . . . . . . . .

## CENTRAL MINISTERS IND-US TRADE DEAL

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ભારત-અમેરિકા વચ્ચેના વચગાળા વેપાર કરારને ભારતની આર્થિક યાત્રામાં એક સીમાચિહ્નરૂપ માળખા તરીકે ગણાવ્યો. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે કહ્યું કે આ કરાર નિકાસ તકોને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરશે, શ્રમ-સઘન ક્ષેત્રોને મજબૂત બનાવશે, ઉચ્ચ-ગુણવત્તાવાળા રોકાણને આકર્ષિત કરશે અને મોટા પાયે રોજગારીનું સર્જન કરશે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંઘ પુરીએ કહ્યું આ વેપાર કરાર મજબૂત ભવિષ્ય તરફ બે મહાન રાષ્ટ્રની સંયુક્ત પ્રતિબદ્ધતા પર આધારિત છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે, આ કરાર મેક ઇન ઇન્ડિયા પહેલને વધુ મજબૂત બનાવશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

કૃષિમંત્રી શિવરાજ સિંહે કહ્યું કે આ કરારથી ખેડૂતોને સંપૂર્ણ સુરક્ષા મળશે.

. . . . . . . . . . . . . . . . . . .

## SERGIO-INDIA-US JOINT STATEMENT

અમેરિકાના રાજદૂત સર્ગિયો ગોરે ભારત-અમેરિકા વેપાર કરાર પર સંયુક્ત નિવેદનને લઈને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી. તેમણે બંને નેતાઓના નેતૃત્વ અને દ્રષ્ટિકોણને દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો તબક્કો ગણાવ્યો હતો.

દરમિયાન, અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરે સંયુક્ત નિવેદનની જાહેરાતનું સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું કે આ કરારનો ઉદ્દેશ વેરા બિન-વેરાના અવરોધોને દૂર કરવાનો અને ભારતના વિશાળ બજારને અમેરિકાના ઉત્પાદનો માટે ખોલવાનો છે.

તેમણે કહ્યું કે આ જાહેરાત બંને દેશ વચ્ચેના ગાઢ સંબંધને પ્રતિબિંબિત કરે છે અને ખેડૂતો અને ઉદ્યોગસાહસિકો માટે નવી તકનું સર્જન કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# RBI- GROWTH PROJECTION

ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં વાસ્તવિક GDP વૃદ્ધિ દર 7.4 ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. ડિસેમ્બરમાં આ અંદાજ 7.3 ટકા હતો. આ અંદાજ વૈશ્વિક વેપાર અનિશ્ચિતતાઓ અને નાણાકીય બજારની અસ્થિરતા છતાં સતત સ્થાનિક માગ દર્શાવે છે.

રિઝર્વ બેંકે એમ પણ જણાવ્યું છે કે, આગામી નાણાકીય વર્ષ, એટલે કે, વર્ષ 2026-27 માં, પ્રથમ ત્રિમાસિક ગાળામાં 6.9 ટકા અને બીજા ત્રિમાસિક ગાળામાં 7 ટકાનો વાસ્તવિક GDP વૃદ્ધિદરનો અંદાજ છે.

. . . . . . . . . . . . . . . . . . .

## LOK SABHA-BETI BACHAO -BETI PADHAO

સરકારે જણાવ્યું છે કે, બેટી બચાવો બેટી પઢાઓ યોજના ફક્ત એક નીતિગત પહેલ નથી, પરંતુ હવે તે એક રાષ્ટ્રીય ચળવળમાં પરિવર્તિત થઈ ગઈ છે. તેને સરકારી એજન્સીઓ, સમુદાયો, મીડિયા અને સામાન્ય જનતા સહિત વિવિધ હિસ્સેદારોનો ટેકો મળ્યો છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ ગઈકાલે લોકસભામાં જણાવ્યું હતું કે, જન્મ સમયે દર હજાર છોકરાઓ પર છોકરીઓનો ગુણોત્તર 2014-15માં 918થી વધીને 2024-25માં 929 થયો છે. તેવી જ રીતે, માધ્યમિક શાળાઓમાં છોકરીઓનો કુલ નોંધણી ગુણોત્તર 2014-15 માં 75.51 ટકાથી વધીને 2024-25 માં 80.2 ટકા થયો છે.

. . . . . . . . . . . . . . . . . . .

## ICG-OIL SMUGGLING

ભારતીય તટ રક્ષકે દરિયાઈ **ICG** -હવાઈ નેટવર્ક આધારિત કામગીરીમાં આંતરરાષ્ટ્રીય તેલ દાણચોરીના એક જૂથનો પર્દાફાશ કર્યો હતો.

આ જહાજોએ સંઘર્ષગ્રસ્ત કેટલાક દેશમાંથી મોટા પ્રમાણમાં સસ્તા તેલ અને તેલ આધારિત કાર્ગોની દાણચોરી કરવાની પદ્ધતિ વિકસાવી હતી. આ કામગીરીમાં ખુલાસો થયો હતો કે દાણચોરો ટેન્કરમાં ગેરકાયદેસર કાર્ગોનું પરિવહન કરી રહ્યા હતા. મુંબઈથી લગભગ 100 નોટિકલ માઇલ પશ્ચિમમાં 5 ફેબ્રુઆરીએ ત્રણ શંકાસ્પદ જહાજોને અટકાવવામાં આવ્યા બાદ, ગઈકાલે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

**ICG**એ સતત શોધખોળ, જહાજના દસ્તાવેજોની ચકાસણી, ઇલેક્ટ્રોનિક ડેટાનું વિશ્લેષણ અને ક્રૂની પૂછપરછ દ્વારા ગેંગની પદ્ધતિ અને વિકાસ વિશે માહિતી એકત્રિત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

## TRUMP - IRAN TRADE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પાસેથી સામાન કે સેવાઓ ખરીદતા દેશ પર નવા કર લાદવાનો આદેશ જારી કર્યો છે.

તેમણે કહ્યું છે કે, તેનાથી અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ અને અર્થતંત્ર મજબૂત બનશે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કાર્યાલયે કહ્યું કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ અને આતંકવાદને સમર્થન મધ્ય પૂર્વમાં અસ્થિરતાનું સર્જન કરી શકે છે.

કાર્યાલયના જણાવ્યા મુજબ, આ પ્રતિબંધોનો હેતુ ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવવાથી રોકવાનો અને સરહદ પાર તેના અસરનો સામનો કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . .

## ICC T20 WC

ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં ICC પુરુષ T20 વિશ્વકપ 2026નો આજથી આરંભ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટ આઠમી માર્ચ સુધી ચાલશે, જેમાં 20 આંતરરાષ્ટ્રીય ટીમો બંને દેશોના સ્ટેડિયમમાં 55 મેચોમાં ભાગ લેશે.

પહેલી મેચ કોલંબોના સિંહલી સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાશે, જ્યાં પાકિસ્તાનનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. વર્તમાન વિજેતા ભારત આજે મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે અમેરિકા સામે પોતાની મેચ રમશે.

ટુર્નામેન્ટના વિસ્તૃત ફોર્મેટમાં ગ્રુપ સ્ટેજ બાદ સુપર 8 અને નોકઆઉટ રાઉન્ડનો સમાવેશ થાય છે.

દરમ્યાન આકાશવાણી આજથી ICC T20 ક્રિકેટ વિશ્વકપ 2026 મેચોનું હિન્દી અને અંગ્રેજીમાં જીવંત પ્રસારણ કરશે. ભારતમાં સેમિફાઇનલ અને ફાઇનલ સહિતની બધી મેચ માટે સાંજે સાડા છ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી અથવા મેચ પૂરી થાય ત્યાં સુધી આંખે દેખ્યો અહેવાલ રજૂ કરાશે. બધી મેચોનું પ્રસારણ FM રેઈન્બો નેટવર્ક, પ્રાથમિક ચેનલો અને LRS સ્ટેશનો પર કરાશે.

. . . . . . . . . . . . . . . . . . .

## BCCI-REWARD U-19 CRICKET

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ - BCCI એ અંડર-19 ક્રિકેટ વિશ્વ કપ વિજેતા ટીમ, ટેકનિકલ સ્ટાફ અને પસંદગી સમિતિ માટે કુલ 7 કરોડ 5 લાખ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે.

ભારતે ગઈકાલે ઝિમ્બાબ્વેના હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ICC અંડર-19 મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ફાઇનલમાં ઇંગ્લેન્ડને 100 રનથી હરાવીને રેકોર્ડ છઠ્ઠી અંડર-19 વિશ્વ કપ સ્પર્ધા જીતી.

. . . . . . . . . . . . . . . . . .